પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૯૨, કુલ પાના:૪, તારીખ: ૧૦-૧૨-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 92 PRICE :-RS. 1.50 DATE : 10-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બિલ રદ કરવાથી ઓછુ કંઈ જ ન ખપે: ખેડૂતોનો હઠાગ્રહ

# ખેડૂતો લડી લેવાના મૂડમાં: સરકારનો લેખિત પ્રસ્તાવ ફગાવ્યો

ન્યુ દિલ્હી,

વિવાદાસ્પદ બનેલા નવા કૃષિ કાયદાઓમાં ફેરફારો કરવાના કેન્દ્ર સરકારના પ્રસ્તાવનો ખેડૂતોએ સર્વાનુમતે અસ્વીકાર કર્યો છે. તૈયાર થયેલા પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (મિનિમમ સપોર્ટ પ્રાઈસ)ની હાલની પદ્ધતિ ચાલુ રાખવાની સરકારે લેખિતમાં ખાતરી આપી તે છતાં ખેડૂત સંગઠનોના આગેવાનોએ રચેલા સંયુકત કિસાન મોરચાએ પ્રસ્તાવને ફગાવી દીધો છે. સરકારે તેમને આ પ્રસ્તાવ આજે સવારે આપ્યો હતો.



તેઓ કૃષિ બિલને રદ કરવાની માંગ પર અડગ છે. તેઓનું કહેવું છે કે હવે સમગ્ર દેશમાં આંદોલનને ઝડપી બનાવાશે. અંબાણી-અદાણીની પ્રોડક્ટ અને ભાજપના નેતાઓનો બોયકોટ કરાશે. ખેડૂતો આગેવાનોનું કહેવુ હતું કે જે સુધારણા પ્રસ્તાવ સરકારે મોકલ્યો હતો તેને નામંજૂર કરી દેવાયો છે. તેમણે ચેતવણી આપી હતી કે નવા કૃષિ કાયદાઓને પાછા ખેંચવામાં નહીં આવે તો આંદોલનને ઉગ્ર બનાવીશું. ખેડૂત સંગઠનોના આગેવાનોએ બાદમાં તેની પર વિગતવાર ચર્ચા કરી હતી અને આખરે નિર્ણય લીધો કે આ પ્રસ્તાવ સ્વીકારવાને લાયક નથી. જ્યાં સુધી સરકાર આ કાયદાઓને રદ ન કરે ત્યાં સુધી દિલ્હીના હદ વિસ્તારમાં શાંત દેખાવો-આંદોલન ચાલુ રાખવાનું પણ તેમણે નક્કી કર્યું છે. ખેડૂતોના ૧૩ સંગઠનો સાથે સંકળાયેલા હજારો છેલ્લા એક પખવાડિયાથી આ આંદોલન પર બેઠાં છે.

ખેડૂતોએ એમ પણ કહ્યું છે કે તેઓ ૧૨ ડિસેમ્બરે દિલ્હી-જયપુર હાઈવે પર વાહનોને અટકાવશે અને ૧૪ ડિસેમ્બર સુધીમાં આંદોલનને વ્યાપક બનાવાશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે ખેડૂત આગેવાનોની ગઈ કાલ સાંજની બેઠક પણ નિષ્ફળ ગઈ હતી. સરકાર તરફથી આંદોલન કરી રહેલા ખેડૂતોને લેખિતમાં પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. જેમાં મુખ્ય રીતે MSPનો ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત સરકાર તરફથી પ્રસ્તાવમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ, મંડી સિસ્ટમમાં ખેડૂતોને સગવડ આપવા અને પ્રાઈવેટ પ્લેયર્સ પર ટેક્સ લગાવવાની વાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પંજાબ, હરિયાણા અને અન્ય રાજ્યોના ખેડૂતો કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ આંદોલન દિલ્હી બોર્ડર પર થઈ રહ્યા છે અને તેના ૧૪માં દિવસે પણ બંને પક્ષો વચ્ચે થયેલી વાટાઘાટોના કોઈ ચોક્કસ પરિણામ આવ્યા નથી.

**★ ૧૨ ડિસેમ્બરે જયપુર-દિલ્હી હાઈવે બ્લોક થશે,અંબાણી-અદાણીની પ્રોડક્ટનો બહિષ્કાર કરીશું, ૧૪ ડિસેમ્બર સુધીમાં આંદોલનને વ્યાપક બનાવાશે: ખેડૂતો આક્રમક.**


**★ આંદોલનકારી ખેડૂતો કૃષિ કાયદાઓ પરત ખેંચવા પર અડગ, સુધારા મંજૂર નથી.**

### સુપ્રીમ કોર્ટે આકરા શબ્દોમાં રૂપાણી સરકારને પૂછ્યું

# આગકાંડ બાદ રચેલી તપાસ સમિતિએ ૩ મહિનામાં શું કર્યું?

ગાંધીનગર/ન્યુ દિલ્હી,

ગુજરાતમાં કોવિડ હોસ્પિટલોમાં આગ મામલે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી. જેમાં સુપ્રીમે વધુ એક વાર ગુજરાત સરકારના વલણ પર સવાલ ઉઠાવ્યા છે. સરકારે બનાવેલી તપાસ સમિતિઓ અંગે પણ સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યા છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને પૂછ્યું કે, સરકારે



બનાવેલી સમિતિઓ શું પગલાં ભર્યાં? આગકાંડ બાદ રચેલી તપાસ સમિતિઓએ ૩ મહિનામાં શું કામ કર્યું? સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકાર પાસે આ મામલે જવાબ માંગ્યો છે. ૩ દિવસમાં તમામ રાજ્યો કોવિડ ગાઈડલાઈનના પાલન અંગે જવાબ રજૂ કરે તેવું સુપ્રીમ કોર્ટે કહ્યું. ગુજરાત સરકારે પણ કોવિડ ગાઈડલાઈનના પાલન અંગે જવાબ રજૂ કરવાનો રહેશે.

કોવિડ હોસ્પિટલોમાં આગકાંડ મામલે કેન્દ્ર સરકારને દિશા નિર્દેશ જાહેર કરવા

(અનુ.પાના.નં.૨)

# કોરોના દર્દીઓના ઘરની બહાર પોસ્ટર લગાવવા પર સુપ્રિમની રોક

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના ઘરની બહાર સ્ટીકર લગાવવાના મામલે સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને નિર્દેશ આપ્યા છે કે કોઈ પણ રાજ્ય કોરોના સંક્રમિત દર્દીઓના ઘરની બહાર કોરોનાના પોસ્ટર લગાવી શકશે નહીં.



સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન માં સ્ટીકર લગાવવા સંબંધિત એવી કોઈ પણ વાત કહેવામાં આવી નથી. જો ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીનો આદેશ હશે તો જ ઘરની બહાર પોસ્ટર લગાવી શકાશે.

કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરની બહાર લગાવવામાં આવતા સ્ટીકર્સને લઈને કુશ કાલરાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે આ મામલે આ પ્રકારના સ્ટીકરના કારણે દર્દીઓ સાથે અછૂત જેવુ વર્તન થતુ હોવાનું વડી અદાલતે નોંધ્યુ હતું. આજે આ મામલે વધુ સુનાવણી હાથ ધરતા સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને કડક આદેશ આપ્યા છે કે, જો ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીનો આદેશ ના હોય તો કોઈ પણ કોરોના પોઝિટિવ દર્દીના ઘરની બહાર કોરોનાના પોસ્ટર લગાવવા નહીં.

સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, કોરોના સંક્રમણને રોકવાના પ્રયાસના ભાગરૂપે કેટલાક રાજ્યોએ આ પદ્ધતિ અપનાવી છે. કેન્દ્રએ તમામ રાજ્યોને પત્ર લખીને ફાયર સેફ્ટી પર રિપોર્ટ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે, ફાયર સેફ્ટીને લઈને તમે અત્યાર સુધીમાં કેટલા અધિકારીની નિમણુંક કરી છે?

જવાબમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, અમારી કોઈ ગાઈડલાઈન્સ મુજબ સ્ટિકર લગાવવાની જોગવાઈ અગાઉ પણ ન હતી, અત્યારે પણ નથી. આ મુદ્દે ગયા સપ્તાહે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોરોના દર્દીઓનાં ઘરની બહાર પોસ્ટર લગાવ્યાં પછી તેમની સાથે અછૂત જેવું વર્તન કરવામાં આવે છે.

કેન્દ્ર સરકારે કોર્ટમાં કહ્યું હતું કે, આ કોઈ ફરજિયાત નિયમ નથી. આ પ્રેક્ટિસનો હેતુ કોરોના દર્દીઓને કલંકિત કરવાનો નથી, પરંતુ આ વ્યવસ્થા અન્યોની સુરક્ષા માટે છે. સરકારના જવાબમાં જસ્ટિસ અશોક ભૂષણ, આર સુભાષ રેડ્ડી અને એમ. આર. શાહની બેન્ચે કહ્યું હતું કે, ખરેખર હકીકત અલગ છે. આ મામલે વધુ સુનાવણી ગુરુવારે કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ૫ નવેમ્બરે કેન્દ્ર સરકારને કહ્યું હતુ કે કોરોના દર્દીઓનાં ઘરની બહાર પોસ્ટર લગાવતાં રોકવાની ગાઈડલાઈન્સ જાહેર કરવા વિશે વિચારણા કરવી જોઈએ. આ મામલે પિટિશનર કુશ કાલરાએ અપીલ કરી હતી. આ વિશે કોર્ટે સરકારને કોઈ નોટિસ જાહેર કર્યા વગર આદેશ કર્યા હતા.

### ૨૪ કલાકમાં વધુ ૩૨૦૮૦ પોઝિટિવ કેસ નોંધાયા

# દેશમાં કુલ કોરોના કેસની સંખ્યા ૯૭.૩૫ લાખ: મૃત્યુઆંક ૧.૪૧ લાખને પાર

ન્યુ દિલ્હી,

દેશમાં કાગડોળે કોરોનાની રસીની વાટ જોવાઈ રહી છે. જો કે તહેવારોની સીઝન પૂરી થતા કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. રોજના નવા કેસ હવે ૪૦ હજારની અંદર પહોંચ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૨,૦૮૦ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કુલ કેસની સંખ્યા ૯૭,૩૫,૮૫૦ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૩,૭૮,૯૦૯ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જ્યારે ૯૨,૧૫,૫૮૧ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે.

તાજા આંકડા મુજબ દેશમાં એક જ દિવસમાં કોરોનાના ૩૬,૬૩૫ દર્દીઓ રિકવર થયા છે. જે રીતે રિકવરી રેટ સતત વધી રહ્યો છે તે એક સારો સંકેત છે. કોરોનાના કારણે એક જ દિવસમાં ૪૦૨ લોકોએ જીવ ગુમાવ્યા. આ સાથે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૪૧,૩૬૦ પર પહોંચી ગયો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૪,૯૮,૩૬,૭૬૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે. જેમાંથી ૧૦,૨૨,૭૧૨ સેમ્પલનું ગઈ કાલે એટલે કે ૮મી ડિસેમ્બરે ટેસ્ટિંગ કરાયું.




## જાહેરાત

## જાહેરાત ક્રમાંક/૦૩/૨૦૨૦

ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ-ઈન-એઈડ આર.એચ. પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા મોરા ખાતે રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક રોતાનિ જીઆઈએ/ઘ-૨/જગ્યા મંજુરી/૨૦૨૦/૩૬૩૩ તારીખ : ૦૬-૧૧-૨૦૨૦થી અત્રેની સંસ્થાને મંજુર કરવામાં આવેલ નીચે દર્શાવેલ જગ્યા સીધી ભરતીથી ભરવા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાની પ્રકાર | જગ્યાની કેટેગરી | જગ્યાનું પગાર ધોરણ/ફિક્સ પગાર | જગ્યાની લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રૃપ ઈન્ટ્રકટર કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ | ૦૧ | શૈક્ષણિક | બિન અનામત | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડપે-૪૪૦૦ ફિક્સ પગાર ૩૮૦૯૦/- | શૈક્ષણિક લાયકાત : એસ.એસ.સી પાસ અથવા સમકક્ષ અને માન્ય મહાવિદ્યાલયનો ડીગ્રી ઈન કોમ્પ્યુટર એજીન્યરીંગ/કોમ્યુટર ટેકનોલોજી/કોમ્યુટર સાયન્સ એજીન્યરીંગ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી અથવા એમ.એસ.સી. (ઈન્ફોર્મેશન ટેકનોલોજી/કોમ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી/કોમ્યુટર સાયન્સ) અથવા એમ.સી.એ (માસ્ટર ઓફ કોમ્યુટર એપ્લીકિશન) અથવા NIELIT A LEVEL અથવા બી.સી.એ/બી.એસ.સી. કોમ્યુટર સાયન્સ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી અથવા NIELIT B LEVEL / DoEACC A LEVEL અથવા ડીપ્લોમા ઈન કોમ્યુટર સાયન્સ/એજીન્યરીંગ/ટેકનોલોજી અથવા એન.ટી.સી/એન.એ.સી (કોપા). અનુભવ : બી.ઈ. (ડીગ્રી)/એમ.સી.એ/એમ.એસ.સી./NIELIT A LEVEL માટે એક (૧) વર્ષ નો અનુભવ, બી.એસસી/બી.સી.એ/ડીપ્લોમાં હોલ્ડર/NIELIT B LEVEL / DoEACC A LEVEL માટે બે (૨) વર્ષનો અનુભવ અને એન.ટી.સી એન.એ.સી (કોપા) માટે ત્રણ (૩) વર્ષ નો અનુભવ. હિન્દી તેમજ ગુજરાતી ભાષા નું પુરતુ જ્ઞાન હોવું જોઈએ. |

સૂચનાઓ :-

(૧) લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની શૈક્ષણિક ટેકનિકલ લાયકાત, અનુભવ અને જાતિના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સહિતની અરજી "આચાર્યશ્રી નોડલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગોધરા મુ.પો.ગોધરા, તા.ગોધરા, જી.પંચમહાલને રજીસ્ટર પોસ્ટ એડીથી જ મોકલવાની રહેશે.

(૨) અરજીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦/૧૨/૨૦૨૦ છે. ત્યાર બાદ આવેલ અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં.

(૩) સદરહું જગ્યાઓ શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગના તારીખ : ૨૧/૦૯/૧૯૮૯ના ઠરાવ ક્રમાંક જીઆઈએ/૧૦૮૯/૧૦૪/૨ (૨) થી નિયત થયેલ પસંદગી સમિતિ દ્વારા ભરવામાં આવશે.

(૪) આ જગ્યાઓ પર નિમાનાર કર્મચારીઓને ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ-૧૯૮૪ ના ધોરણો નિયમો બંધનકર્તા રહેશે.

(૫) ગ્રાન્ટ ઈન એઈડ કોડની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈ વડી કચેરીના તા.૨૮/૦૩/૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક જીઆઈએ/૦૬/ધ/૧૬૭૦ મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યા સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ ધ્યાને લઈ ફીક્સ પગાર થી ભરવાની રહેશે.

(૬) આ જગ્યાઓની ભરતી અંગેની વિસ્તૃત વિગતો રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in તથા નોડલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરાની વેબસાઈટ www.itigodhra.org પરથી મળી શકશે.

સંચાલક
ગ્રાન્ટ-ઈન-એઈડ આર.એચ.પટેલ
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
મોરા, તાલુકો. મોરવા (હડફ),
જિલ્લો પંચમહાલ, પીન કોડ -૩૮૯૧૧૦

(માહિતી/ગોધરા/૫૭૫/૨૦૨૦)

# RBI કરાડ જનતા સહકારી બેન્કનું લાયસન્સ રદ કર્યું




મુંબઈ,

ભારતની બેકિંગ સિસ્ટમ ખાડે ગઈ છે અને થાપણદારોની જીવનભરની મહામૂલી પૂંજી પણ સંકટમાં હોય તેવી એક પછી એક નવી ઘટના ઘટી રહી છે. રિઝર્વ બેંકે આજે ફરી એક બેંકનું લાઈસન્સ રદ કર્યુ છે. આ વખતે મહારાષ્ટ્રના કરાડ સ્થિત કરાડ જનતા સહકારી બેંકનું લાઈસન્સ રદ કરવામાં આવ્યુ છે. લાઈસન્સ રદ થયા બાદ હવે બેંક બંધ થઈ જશે. જોકે આ બેંકના થાપણદારો માટે રાહતની વાત એ છે કે, તેમણે બેંકમાં મુકેલી ૯૯ ટકા રકમ પરત મળી જશે.

આ અગાઉ નવેમ્બર ૨૦૧૭થી જ કરાડ જનતા સહકારી બેંક પર રિઝર્વ બેંકે અમુક પ્રકારના પ્રતિબંધો લગાવી દીધા હતા. રિઝર્વ બેંકે આ બેંકનું લિક્વિડેટર નિમણૂંક કરવાનો આદેશ પણ આપ્યો હતો. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર સેક્શન ૨૨ના નિયમો અનુસાર બેંકની પાસે હવે રૂપિયા નથી અને આવકનું કોઈ સાધન પણ નથી. કરાડ બેંક બેંકીંગ રેગ્યુલેશન ૧૯૪૯ના સેક્શન ૫૬ના માપદંડોમાં યોગ્ય રીતે ઉતર્યુ નથી. જેને લઈને તેનુ લાયસન્સ રદ કરી દેવામાં આવ્યુ છે.

રિઝર્વ બેંકે જણાવ્યુ કે, હવે બેંકને ચાલુ રાખવી જમાકર્તાઓના હિતમાં નથી. હાલની સ્થિતીમાં બેંક પોતાના ડિપોઝીટર્સને બધા રૂપિયા આપી શકશે નહીં. ડિપોઝિટર્સને લિક્વિડેશન પર ૫ લાખ સુધીની રકમ મળશે. સારા સમાચાર એ છે કે, ૯૯ ટકા લોકોને તેમની રકમ પાછી મળી જશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૯૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લારમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૧ પુરુષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૧૬૨૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૪૨૨૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી ડીસ્ટ્રીકિટ હોસ્પિટલ, લુણાવાડા, ૯૭ દર્દી હોમ આઇસોલેશન, ૦૫ દર્દી લુણાવાડા (CCC), ૦૬ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૯ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૨૪ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડા લાલસર ચોકડી પાસે છકડારિક્ષા ચાલકે રાહદારીને પગ ઉપર રિક્ષા ચઢાવી દેતા ઈજાઓ

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની લાલસર ચોકડી પાસે એક છકડા રિક્ષાના ચાલક દ્વારા રોડની જમણી બાજુએ બેસેલા એક ઈસમના પગ ઉપર રિક્ષા ચઢાવીને નાસી જતાં તે ઈસમે છકડા રિક્ષા ચાલકની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના લાલસર ચોકડી પાસે બાલાસિનોર તરફ જતાં એક છકડા રિક્ષાના ચાલક દ્વારા ગફલતભરી રીતે રિક્ષા છકડો ચલાવીને રોડની જમણી બાજુએ બેસેલા અર્જુનસિંહ પુનમસિંહ ઠાકોર (ઉ.વ.૪૨, રહે.ધામોદ)ના પગ ઉપર ચઢાવીને ઈજા કરીને નાસી ગયો હતો. બનાવની જાણ અર્જુનસિંહ પુનમસિંહ ઠાકોરે કોઠંબા પોલીસ સ્ટેશને ફરિયાદ કરતા કોઠંબા પોલીસે નંબર વગરના પીયાગો રિક્ષા છકડાના ચાલક જયેશભાઈ જગદિશભાઈ ભોઈ (રહે.કણઝાવ)ની સામે પોલીસ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# સંતરામપુર પાસેથી એક કારમાંથી એક કરોડની કિંમત ચાંદી મળી આવી



સંતરામપુર,
સંતરામપુર બાયપાસ ઉપરથી પસાર થતી એક કારની પોલીસે તપાસ કરતાં તેમાંતી અંદાજિત રૂપિયા એક કરોડની કિંમતની ૨૦૦ કિલો ચાંદીનો જંગી જથ્થો ઝડપાયો હતો. સંતરામપુર પોલીસે બે આરોપી તેમજ ચાંદીનો જથ્થો ઝડપી અમદાવાદના બે વેપારીઓ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. આજે બપોરે સંતરામપુર પોલીસ બાયપાસ મીરા હોસ્પિટલ પાસે નાકાબંધીમાં હતી. તે દરમિયાન દાહોદ-ઝાલોદ તરફથી આવતી કારના ચાલકે પોલીસને જોઈ પરત ફરી જવાનો અને ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો.

જેથી પોલીસે શંકાસ્પદ કારને પીછો કરી ઝડપી પાડી હતી. આ કારમાંતી બે વ્યક્તિઓ મળ્યા હતા. તેઓની પુછપરછ કરતા તેઓ યોગ્ય જવાબ આપતા ન હતા. જેથી પોલીસે કારમાં તપાસ કરતાં સીટની નીચે તેમજ બેગોમાંથી એક કરોડની કિંમતની ૨૦૦ કિલો ચાંદીનો જથ્થો મળી આવ્યો હતો.

સંતરામપુર પોલીસે ચાંદીનો જથ્થો તેમજ કાર જપ્ત કરી હતી. તપાસ કરતાં બન્ને વ્યક્તિઓ અમદાવાદ નારણપુરામાં રહેતા અને માણેક ચોકમાં દુકાન ધરાવતા વેપારીઓ પરાગ પ્રવિણ શાહ તેમજ અમરીશ શાંતિલાલ શાહ હોવાનું જણાતાં તેમની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આજે ફરી નાકાબંદી દરમિયાન બસ્સો કિલો ચાંદી સાથે બે ઈસમોને ઝડપી પાડી પોલીસ કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં કોરોનાના વધુ ૩૬ કેસ, ૨૪ કલાકમાં ૭ દર્દીના મોત

રાજકોટ,
રાજકોટમાં આજે બપોર સુધીમાં ૩૬ કેસ નોંધાયા છે. કોરોનાથી ૨૪ કલાકમાં ૭ દર્દીના મોત નીપજ્યા છે. શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૧૭૪૦ પર પહોંચી છે. રાજકોટમાં ૮૧૩ દર્દી સારવાર હેઠળ છે. રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં ઘડાટો જોવા મળી રહ્યો છે.

રાજકોટમાં કોરોનાના કેસ ૧૬૦ પર પહોંચ્યા બાદ અચાનક ફરી ઘટાડો આવ્યો છે અને ગઈકાલે એક જ દિવસે ૧૨૮ નવા કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં ૮૯ અને ગ્રામ્યમાં ૩૯ કેસ નોંધાયા હતા. નાટકીય રીતે બંને વિસ્તારમાં કેસ રવિવારની સરખામણીએ ઘટી ગયા છે. બીજી તરફ મૃતાંક એકદમથી વધ્યો છે. સોમવારની સવારની દ્દષ્ટિએ છેલ્લા ૨૪ કલાકમાં ૧૦નાં મોત નીપજ્યા હતા. રાજકોટ જિલ્લામાં ૧૧૮૧ લોકો હજુ પણ સારવાર હેઠળ છે.

રાજકોટ મનપાએ આ દરમિયાન શહેરી વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન નવા કેટલા આવ્યા તેમજ કાર્યરત કેટલા છે તે વિગત જાહેર કરવાની બંધ કરી દીધી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮૦ કન્ટેનમેન્ટ ઝોન હોવાનું જાહેર કરાયું છે તેમાં પણ અડધોઅડધ ઘટાડો આવ્યો છે તેથી હવે કેસની સંખ્યા ઘટી રહી છે તેવું પ્રતિત થઈ રહ્યું છે. રાજકોટમાં કોરોનાની સારવાર માટે ૨૬૦૦ જેટલા કોવિડ બેડ છે જેમાંથી હાલ ૧૮૨૯ બેડ સારવાર માટે ખાલી છે. એટલે કે ૭૫૦ કરતા વધુ દર્દીઓ રાજકોટની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

### ફાઈઝરે અમેરિકાને કોરોના વેક્સિન આપવાનો ઈન્કાર કર્યો

# અન્ય દેશોના મોટા ઓર્ડર હોવાથી અમેરિકાને તત્કાળ ડોઝ પૂરા પાડી શકાય તેમ નથી: કંપની




વોશિંગ્ટન,
કોરોના વાયરસની રસીબનાવનારી અમેરિકાની દિગ્ગજ કંપની ફાઈઝરે અમેરિકાને જ વેક્સીન આપવાનો ઈનકાર કરી દીધો છે. કંપનીના જણાવ્યા પ્રમાણે દુનિયાના બીજા દેશોએ કોરોનાની વેક્સીનના ડોઝના મોટા ઓર્ડર અગાઉથી જ આપી રાખ્યા હોવાથી તે અમેરિકાને તત્કાળ ડોઝ પુરા પાડી શકે નહીં.

ફાઈઝરે ટ્રમ્પ સરકારને સ્પસ્ટ જણાવી દીધું છે કે, અન્ય દેશોએ તેની કોરોના રસી ખરીદવા ધસારો કર્યો હોઈ તે અમેરિકાને જૂન-જુલાઈ પહેલાં કોરોના રસીના વધારાના ડોઝ પુરાં પાડી શકશે નહીં. આમ આ વર્ષના આરંભે અમેરિકી સરકારે ખરીદેલા ફાઈઝરના કોરોના રસીના ૧૦૦ મિલિયન ડોઝની તેની અપેક્ષા પ્રમાણે પુરા નહીં પાડવામાં આવે. યુકેમાં ઈતિહાસના સૌથી મોટા રસીકરણના કાર્યક્રમનો આરંભ થઈ ગયો છે. ગઈ કાલે જ ૯૦ વર્ષના બ્રિટિશ દાદી માર્ગારેટ મેગી કીનાન ફાઈઝર-બાયોએનટેકની કોરોના રસી મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે. ઘાતક કોરોના વાઈરસ સામેની લડાઈમાં વેક્સિન ડે એટલે કે વી ડેની આજે ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે બીજી બાજુ આગામી ઉનાળા પહેલા તમામ અમેરિકનોને રસી આપવાના કાર્યક્રમ પર જ પ્રશ્નાર્થ સર્જાવવા લાગ્યા છે.

જ્યારે રશિયામાં કોરોના રસી બાબતે જનતામાં અવિશ્વાસ પ્રવર્તતો હોવાથી રશિયાના વિજ્ઞાનીઓ કોરોના મહામારી નાથવા માટે કપરાં ચડાણ છે. ઓક્ટોબરમાં એક સર્વેમાં ૫૯ ટકા પ્રતિભાવકોએ તેમને કોરોનાની રસી મફત મળે તો પણ તે લેવામાં રસ નથી એમ જણાવ્યું હતું. ફાઈઝર અને બાયોએનટેક દ્વારા નવેમ્બર મહિનામાં જાહેર કરવામાં આવ્યું કે તેમની કોરોના રસી ૯૦ ટકા અસરકારક છે ત્યારે જગત આખાના આરોગ્ય નિષ્ણાતો ખુશ થઈ ગયા હતા પણ શેર બજારોએ આ બાબતે ઝાઝો ઉત્સાહ દાખવ્યો નથી. જ્યારે આ જાહેરાત કરવામાં આવી તે દિવસે એએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ માત્ર ૧.૨ ટકા જ વધ્યો હતો. બીજી તરફ વિશ્વ આરોગ્ય સંસ્થાએ નાતાલના તહેવારોની મોસમમાં સગાંઓને ન ભેટવાની સલાહ આપતાં ઘણાંને આઘાત લાગ્યો છે.

અમેરિકાના ડો. માઈકલ રયાને જણાવ્યું હતું કે, હાલ કોરોના મહામારીમાં એક મિનિટમાં એક કે બે અમેરિકનો મોતને ભેટી રહ્યા છે તે આઘાતજનક છે. હવે આ સ્થિતિમાં અમેરિકાને જ ફાઈઝર દ્વારા તત્કાળ રસી આપવાના કરેલા ઈનકારથી અહીં સ્થિતિ વધારે કથળી શકે છે.

(પાન નં.૧ નું ચાલુ)

**આગકાંડ બાદ રચેલી.....**

સુપ્રીમે આદેશ કર્યો છે. સાથે જ અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગકાંડ બાદ તપાસ સમિતિ અંગે ગુજરાત સરકારને જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે. ત્યારે આ મામલે વધુ સુનાવણી આગામી સોમવારે હાથ ધરાશે. હાઈકોર્ટના કોવિડ કેર સેન્ટરમાં ફરજિયાત સેવાના આદેશ સામે સુપ્રીમમાં અપીલ કરી હતી. તેમજ આજે જ સુનાવણી માટે વિનંતી કરી હતી. માસ્કના આદેશનુ પાલન કેવી રીતે કરવું તે સમજ પડતી નથી તેથી સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. જે મામલે ગત સુનવણીમાં ગુજરાત સરકાર વતી સોલિસીટર જનરલે રજૂઆત કરી હતી.

જેમાં તેઓએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, લોકો માસ્ક નથી પહેરતા એ વાત સાચી, પણ હાઈકોર્ટના આદેશને લાગુ કરવો શક્ય નથી. માસ્ક ન પહેરવાથી જે જોખમ છે તેના કરતાં વધુ જોખમ કોવિડ કેર સેન્ટરમાં કામ કરવાથી છે. સ્વયં શિસ્ત ન રાખવી એ આપણા કલ્ચરમાં છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના માસ્કના આદેશ પર પ્રતિબંધ લગાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને ગાઈડલાઈનનુ પાલન ન કરવા નિર્દેશ આપ્યા હતા. પરંતુ માસ્ક ન પહેરતા લોકો સામે ગંભીરતાપૂર્વક કામગીરી કરવાનું કહ્યું હતું.

(પાન નં.૪ નું ચાલુ)

**ગુજરાતમાં કોરોના વેક્સિનની.....**

રાજયના આરોગ્ય વિભાગ તરફથી કામગીરી કરવાનો આદેશ અપાયો છે. રાજયના આરોગ્ય કમિશનર તરફથી કોવિડ વેકિસનને અંગે જાહેર કરેલા પરિપત્રમાં પચાસ વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને પચાસ વર્ષથી ઓછી ઉંમરના કોમોર્બિડિટી ધરાવતા (અન્ય બીમારી હોય તેવુ) નાગરિકોના નામ, સરનામા અને મોબાઈલ નંબર સાથેનો ડેટાબેઝ તૈયાર કરવા કહેવામાં આવ્યું છે.

ડેટા બેઈઝ તૈયાર કરાવવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરવાનું રહેશે. મ્યુનિ. હદમાં મ્યુનિસિપલ કમિશનર ઉપરાંત જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી અને કલેકટરના સંકલનમાં ચૂંટણી સમયે મતદાન મથક મુજબ ટીમની રચના કરવામાં આવશે. એ પ્રમાણે મતદાન મથક મુજબ ડેટા તૈયાર કરવામાં આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૧૦-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ કારતક વદ-૧૦, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
૧૨-૧૮થી અભિજીત-૧૩-૦૧ સુધી, ૭-૧૭થી શુભ-૮-૩૮ સુધી, ૧૧-૧૯થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૧ સુધી, ૧૬-૪૨થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૧ સુધી

- શુભ હોરા-
૭-૧૭થી ૮-૧૧ સુધી, ૯-૫૮થી ૧૨-૪૦ સુધી, ૧૩-૩૪થી ૧૪-૨૭ સુધી, ૧૬-૧૫ થી ૧૯-૦૯ સુધી

### રાજ્યના શિક્ષકો માટે રૂપાણી સરકારનો મોટો નિર્ણય

# ૬૫ હજાર શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે મળશે: પટેલની જાહેરાત



ગાંધીનગર,
રાજ્યમાં લાંબા સમયથી ચાલતા શિક્ષકોના સંઘર્ષનો આજે અંત આવ્યો છે. ૪૨૦૦ ગ્રેડ પે મામલે આંદોલન અને રજૂઆત બાદ શિક્ષકોના ગ્રેડ પેમાં સુધારો કરાયો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેરાત કરી છે. ૪૨૦૦ના ગ્રેડ પેના મુદ્દે શિક્ષણમંત્રી સાથે મુલાકાત કર્યા બાદ નાયબ મુખ્ય પ્રધાને જાહેરાત કરી હતી, જે અંતર્ગત હવે સ્થગિત કરેલા પરિપત્ર હવે રદ કરવાનો નિર્ણય લીધો છે. આ તમામ કામગીરી એક અઠવાડીયાની અંદર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. શિક્ષકોને નોકરીના વર્ષ પ્રમાણે વધારો કરવામાં આવશે.

મુખ્ય શિક્ષકની ભરતી અને પરિક્ષા બાબતે જે નિર્ણય લેવાયો તેને લઈને જે પ્રશ્નો ઉભા થયા હતા, તેમાં ૧.૯૦ લાખ પૈકી પથી ૧૦ હજાર જે શિક્ષકોની ભરતી ૨૦૧૦ પહેલા થઈ હતી. તેમાં સુધારાનો પરિપત્ર સરકાર દ્વારા થયો હતો. શિક્ષણ સંઘ દ્વારા શિક્ષણ મંત્રીનું ધ્યાન દોરાયું હતું. ૧૬-૭-૨૦૨૦થી શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા પરિપત્ર સ્થગિત કર્યો હતો. તે પછી રાજ્યમાં કોરોના મહામારીના વિપરીત સંજોગોમાં તમામ વહિવટી તંત્ર આ કાર્યમાં લાગી ગયું છે. શિક્ષકો આ સેવામાં જોડાયા છે. જેથી સ્વાભાવિક આ પ્રશ્ન હાથ ઉપર લેવાયો નહોતો. બંને શિક્ષણ સંઘો દ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી. રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી. જૂના પરિપત્રો અને પરિક્ષા પદ્ધતિની કામગીરી નાણાવિભાગ, શિક્ષણવિભાગ અને સામાન્ય વિભાગની મીટિંગમાં નિર્ણય લેવાયો છે. શિક્ષકોના પરિપત્રો સ્થગિત કરવામાં આવ્યા છે તેને રદ કરવાની પ્રક્રિયા શિક્ષણ અને નાણા વિભાગના પરામર્શમાં લઈને ઝડપી પૂર્ણ કરવામાં આવશે. બંને શિક્ષણ વિભાગના પ્રમુખોને આમંત્રણ આપી દિગ્વિજયસિંહ જાડેજા અને ભીખાભાઈ પટેલ અને સરદારસિંહ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત હતા. લાંબી ચર્ચાવિચારણા બાદ તેમના પ્રશ્નોની રજૂઆતો કરી. તમામ ચર્ચા વિચારણા બાદ ગઈકાલે નિર્ણય થયા પ્રમાણે વહિવટી પ્રક્રિયા પૂર્ણ કરી ૧૬-૭-૨૦૨૦થી જે ઠરાવ સ્થગિત હતો તે રદ કરાયો છે.

શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ આવ્યા બાદ ૯ વર્ષ પૂર્ણ કરનાર શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પેનો લાભ મળશે. જેનો રાજ્યના ૬૫૦૦૦ શિક્ષકોને લાભ મળશે. મહત્વનું છે કે, ૪૨૦૦ ગ્રેડ પે મામલે જૂના ઠરાવને સ્થગિત કર્યો હતો તે ઠરાવને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રાથમિકશાળાના શિક્ષકોને મળતો ૪૨૦૦ ગ્રેડ પે ઘટાડીને ૨૮૦૦ કરી દેવામાં આવ્યો હતો. જેને લઈને વિરોધ શરૂ થયો હતો. ત્યારે હવે આ ૪૨૦૦ ગ્રેડ પે મામલે જૂનો પરિપત્ર રદ કરાયો છે.

હવે પ્રમોશન માટે કોઈ પરીક્ષા લેવાની નહીં રહે. નાણા, શિક્ષણ અને સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કર્યુ હતું. ૪૨૦૦ ગ્રેડ પે મામલે વારંવાર રજૂઆતો થઈ હતી. શિક્ષણ સંઘોએ CM સમક્ષ રજૂઆતો કરી હતી. ૨૦૧૯ના ઠરાવથી ઉભા થયેલા પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે. મહત્વનું છે કે, આનાથી પ્રાથમિક શાળાના શિક્ષકોને લાભ મળશે.

# દેશભરમાં PM Wi-Fiને આપી મંજૂરી, ૧ કરોડ ડેટા સેન્ટર ખુલશે



ન્યુ દિલ્હી,
કૃષિ કાયદા પર ખેડૂતોના ચાલી રહેલા આંદોલન વચ્ચે બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ બેઠક યોજાઈ. ત્યારબાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર, રવિશંકર પ્રસાદ અને સંતોષ ગંગવારે કેબિનેટના નિર્ણયોની જાણકારી આપી.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદના અનુસાર સરકાર દેશમાં ૧ કરોડ ડેટા સેન્ટર ખોલશે. આ પ્રોજેક્ટને પ્રધાનમંત્રી વાઈફાઈ એક્સેસ ઈન્ટરફેસ નામ આપ્યું છે, જેના દ્વારા દેશમાં વાઈ-ફાઈ ક્રાંતિ લાવવામાં આવશે.

તેના હેઠળ સરકાર પબ્લિક ડેટા ઓફિસખોલશે, તેના માટે કોઈ લાઈસન્સની જરૂર નહી પડે. કોઈપણ ઉપલબ્ધ દુકાનને ડેટા ઓફિસમાં બદલી શકાશે. સરકાર દ્વારા ડેટા ઓફિસ, ડેટા એગ્રિગેટર, એપ સિસ્ટમ માટે ૭ દિવસમાં સેન્ટર ખોલવાની પરવાનગી આપવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું કે લક્ષદ્વીપના દ્વીપોમાં પણ ફાઈબર કનેક્ટિવિટીને જોડવામાં આવશે. કોચ્ચિથી લક્ષદ્વીપના ૧૧ દ્વીપોમાં ૧૦૦૦ દિવસમાં કનેક્ટિવિટી પહોંચાડવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી સંતોષ ગંગવારે પત્રકાર પરિષદમાં જાણકારી આપી કે દેશમાં આત્મનિર્ભર ભારત રોજગાર યોજના લાગૂ કરવામાં આવશે. જેના હેઠળ કુલ ૨૦૨૦-૩૦ સુધી ૨૨ હજર કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૫૮.૮ લાખ કર્મકહરીઓને ફાયદો મળશે. માર્ચ ૨૦૨૦થી આગામી વર્ષ સુધી જે લોકો નોકરી પર લાગેલા છે, તેમના EPF અંશદાન સરકાર તરફથી આપવામાં આવશે. જે કંપનીમાં ૧૦૦૦થી વધુ કર્મચારી છે તેમના ૨૪ ટકા EPF અંશદાન સરકાર આપશે. સંતોષ ગંગવારના અનુસાર જયારે મોદી સરકાર સત્તામાં આવી હતી ત્યારે ઓર્ગેનાઈઝ્ડ સેકટરમાં ૬ કરોડ રોજગાર હતા. જે હવે વધીને ૧૦ કરોડ રોજગાર મળી ચૂક્યા છે. આ ઉપરાંત કેન્દ્રીય કેબિનેટે અરૂણાચલ પ્રદેશ, અસમના બે જિલ્લામાં USOF યોજનાને મંજૂરી આપી છે. કેબિનેટ બ્રીફિંગ દરમિયાન જયારે મંત્રીઓ સાથે ખેડૂતો આંદોલન અને કૃષિ કાયદામાં ફેરફારની વાત કરવામાં આવી તો જવાબ મળ્યો કે સરકાર ખેડૂતો સાથે વાત કરી સમાધાન કાઢી રહી છે.

★ લક્ષદ્વીપના દ્વીપોમાં પણ ફાઈબર કનેક્ટિવિટીને જોડવામાં આવશે, કોચ્ચિથી લક્ષદ્વીપના ૧૧ દ્વીપોમાં ૧૦૦૦ દિવસમાં કનેક્ટિવિટી પહોંચાડવામાં આવશે

★ આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાને મંજૂરી.

## દૈનિક રાશીફળ

તા.૧૦.૧૨.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- તમારી મહેનત જ તમારી સફળતા છે અંધશ્રધ્ધા દૂર રહેજો અચાનક લાભની આશા ફળવાની.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક સ્તરે તમો છવાયેલા રહેશો નોકરીમાં અનુકુળતા તે તમારી મહેનતનું ફળ છે. પ્રવાસ થાય

મિથુન(ક.છ.ઘ.) :- આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું સંસ્થામાં સારો હોદો મલે કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો

કર્ક(ડ.હ.) :- મહેનતના પ્રમાણમાં ફળ ઓછુ મળે રાજકીય રીતે લાભ નોકરીમાં નવી ઓફર બાબત જાળવવું.

સિંહ(મ.ટ.) :- આર્થિક બચનની ઈચ્છા ફળવાની યાત્રા પ્રવાસમાં અનુકુળતા મિત્ર વર્તુળમાં વધારો થાય કર્જમાં રાહત.

કન્યા(પ.ઠ.ણ.) :- ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો નોકરીમાં મનગમતી જગ્યા મલે રાજકીય લાભ પણ મળવાનો.

તુલા(ર.ત.) :- સર્જનાત્મક પ્રવૃત્તિ પ્રત્યે વધુ ધ્યાન દેજો મિત્રોનો સહકાર રહેવાનો નોકરીમાં મનગમતી જગ્યા મલે ધાર્મિક કાર્ય થાય.

વૃશ્ચિક(ન.ય.) :- લક્ષ્મીજીની કૃપા મેળવવાના પ્રયત્નો ફળવાના કર્જમાં રાહત રહે. ભાગીદારો સાથે મહત્વની ચર્ચા થાય. પ્રતિષ્ઠા વધે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક સ્વસ્થતાનો અનુભવ થાય કુટુંબીનજનો સાથે સુમેળ વધે. નોકરીમાં સ્થિરતા રાખવી રાજકીય પ્રવૃત્તિ વધવાની.

મકર(ખ.જ.) :- વિકાસની તક ઉભા કરવાના પ્રયત્નો ફળવાના સંસ્થાને તમારી મહેનતને લાભ મલે. નવી યોજનામાં સફળતા રહેશે.

કુંભ(ગ.શ.સ.) :- મિત્રો સાથે નાણાકીય લેતીદેતીમાં બેદરકારીથી જાળવવું રોજીંદા કાર્યને વળગી રહેજો હીતેચ્છુની શુભેચ્છા મેળવશો.

મીન(દ.ચ.ઝ.) :- ટેકનોલોજી ક્ષેત્રે સફળતા મેળવશો કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ કરવો પડે પ્રવાસ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારીઆ નગરપાલિકાની ભાજપની બોડીમાં બે જૂથમાં વહેંચાઈ જવાના કારણે શહેરનો વિકાસ રૂંધાઈ જવા પામ્યો

દે.બારીઆ, દેવગઢ બારીઆ નગરપાલિકાની બોડીમાં પહેલેથી બે જૂથ છે. સામાન્ય ચુંટણીમાં કોંગ્રેસની બોડી બની હતી તે પણ વોર્ડ નં.૬ના ઉમેદવાર કોંગ્રેસની જીતની સાથે બની હતી. થોડા દિવસોમાં કોંગ્રેસની બોડીના સભ્યોને તોડી ભાજપમાં ભેળવીને કોંગ્રેસના આયાતી સભ્યો માંથી બોર્ડ નં.૨ના પ્રમુખ બનાવવામાં આવતાં અસંતોષ જોવા મળ્યું હતુ. તે અસંતોષ બીજી ટર્મમાં ઉભરી બહાર આવી ગયું. બીજા અઢી વર્ષની ટર્મ માટે પ્રમુખ તથા ઉપપ્રમુખની ચુંટણીમાં ટી–૨૦ જેવી રસાકસી થવા પામી હતી. ૧૩–૧૩ સભ્યો બન્ને જુથોમાં વહેંચાઈ ગયા હતા. તેમાં એકસ્ટ્રા ઓવરમાં હેમખેમ આયતી સભ્યોમાંથી મહિલા પ્રમુખ બનવા પામ્યા હતા. સામેના જુનો પણ એડી ચોટીનું જોર લગાવી નાખ્યું હતું. અને બન્ને જૂથો એ હોર્ષ ટ્રેડીંગ જોવા મળી હતી અને લાખ્ખોમાં બન્ને બાજુના સભ્યો વહેંચાયા હતા. તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું. ભાજપની બોડીમાં બે જૂથો છે. તે વાતમાં તથ્ય છે. જેથી નગરપાલિકાના અનેક વિકાસના કાર્યો થતા નથી. તેમજ ભૂર્ગભ ગટરનું કાર્ય એવા અનેક કાર્યો અભરાઈ છે. નગરપાલિકાના ૨૬ સભ્યોમાં તેર તીગડી અને કામ બીગડી જેવા હાલ છે.

મળતી માહિતી અનુસાર દે.બારીઆ નગરપાલિકા ખાત મૂર્હુત કરવાના વિવિધ કામોની યાદી મુજબ એસ.બી.એમ. યોજના ૩૦ જેટલા કામો માંથી અનુંક્રમ નં.૧૭ તથા ૧૯,૨૨ મુજબના આસફાલ્ટ રોડ એટ નવા ઠાકોરવાડા, આસફાલ્ટ રોડ વોટર ટેન્ક ટુ સ્ટેટ બેન્ક, ચબુતરા સુધીનો તથા નગરપાલિકાના ટાવર સુધીનો રોડ દિવાળી અગાઉ માત્ર ચાર દિવસ અગાઉ કામો થયા હતા. જેથી શહેરની આમ જનતામાં ખુશીની લહેર જોવા મળી હતી. હવે શહેરના તુટેલા ફુટેલા રડ બની જશે તે આશા ઠગારી નીવડી છે. ખાતમૂર્હુતની યાદી મુજબના બીજા કાર્યો બન્ને જૂથોની અરસપરસની વર્ચસ્વની લડાઈમાં ઠંડા બગસ્તામાં મૂકી દીધા છે. મલાઈ ખાવાની લડાઈમાં શહેરનો વિકાસ રૂંધાઈ નાખ્યો છે. આ અંગે પંચમહાલ સમચારના સ્થાનિક પ્રતિનીધી એ ઈન્ચાર્જ સી.ઓ.ને ટેલીફોનિક એક વાર્તાલાપમાં પૂછતાછ કરતા બાકી કામોનું સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. આના ઉપરથી ફલીત થાય છે કે દાળમાં કંઈ કાળું છે. જેથી જીલ્લાનું વહિવટી પદના અધિકારીઓ આ અંગે સ્થળ આવી તપાસનું દોર કરશે ખરા તથા વડોદરા ઝોનલ શહેરી વિકાસના કમિશ્નર આ શહેરના વિકાસના કાર્યોની યાદી અને ખર્ચમાં સર્વે કરશે તો ઘણું બધું બહાર આવે તો નવાઈ નહિ આ અંગે કોણ તટસ્થ તપાસ કરશે તે તો આવનારો સમય જ બતાવશે કે પછી નગરના વિકાસના કાર્યોના નાણા એકબીજામાં વહેંચાઈ જશે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૮ કોરોના કેસ નોંધાયા

દાહોદ, છેલ્લા કેટલાક દિવસોથી દાહોદ જિલ્લામાં એકાએક કોરોના સંક્રમણના કેસો વધતા જોવા મળ્યા હતા ત્યારે આજે ૦૮ કોરોના સંક્રમણ ના કેસો સામે આવતા આજે કોરોનાના આંકડા માં ઘટાડો જોવા મળ્યો હતો આ સાથે આરોગ્ય તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો. આર.ટી.પી.સી.આર.ના ૩૧૪ પૈકી ૦૪ અને ૧૦૧૭ રેપીટ ૦૪ ટેસ્ટ પૈકી ૦૮ મળી આજે કેસો નોંધાયા છે. આ ૦૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૫, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, અને સંજેલીમાંથી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૪૧ રહેવા પામી છે ત્યારે દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી પોતાનો જીવ ગુમાવનાર ૮૬ લોકોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો આકડો ૨૩૩૫ રહેવા પામ્યો છે.

## ફતેપુરાના મોટા નટવાની જાંબુડી પ્રા.શાળાના શિક્ષકની બદલી રોકવા ગ્રામજનો દ્વારા તાળાબંધી કરાઈ

સુખસર, ફતેપુરા તાલુકાની મોટાનટવાની જાંબુડી ફળિયા વર્ગ પ્રા.શાળામાં આચાર્ય દારૂનુ વેચાણ કરતા ઝડપાયા હતા. તેમની સામે ફરિયાદ પણ દાખલ કરી હતી. તેમાં છેલ્લા કેટલાંય સમયથી શાળાએ નહિ આવતા તેની અન્ય સ્થળે બદલી કરવા ગ્રામજનોએ રજુઆત કરી હતી. તેમજ વધમાં પડેલા શિક્ષકને છુટો નહિ કરવા મંગળવારના રોજ શાળાને તાળાબંધી કરાઈ હતી. ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામની જાંબુડી ફળિયા વર્ગના ધો–૧ થી ૫ની શાળા કાર્યરત છે. જેમાં ૬૪ જેટલા બાળકો રજીસ્ટર થયેલા છે. અને ૫ શિક્ષકો ફરજ બજાવે છે. હાલમાં વધ પડેલ શિક્ષકોની યાદીમાં આ શાળાના પણ બે શિક્ષકોનો સમાવેશ થયેલો છે. શિક્ષક સુરતસિંહ ઝાલાને વધ ન કરી શાળામાં ન રાખવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનો દ્વારા મંગળવારના રોજ શાળાને તાળાબંધી કરાઈ હતી. તેમજ આ શાળાના આચાર્યો વિદેશી દારૂનુ વેચાણ કરતા હોવાથી દારૂ સાથે ઝડપાયા હતા. તેમની ઉપર પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. જેથી આ આચાર્યની અન્ય સ્થળે બદલી કરાય તેવી માંગ પણ કરાઈ હતી.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુલતવી રહેતા હવે વહીવટદાર સંભાળશે કમાન



ગાંધીનગર, રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં છ મહાનગર પાલિકા અમદાવાદ વડોદરા રાજકોટ ભાવનગર અને સુરત તેમજ ૩૧ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકા ની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજવાની થતી હતી. જોકે કોરોના ના સમયગાળા ને કારણે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ત્રણ માસ માટે મુલતવી રાખવામાં આવી છે. આથી રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું કે હાલની બોડીની મુદત પૂરી થાય પછી મુદત વધારવી કે વહીવટદાર મુકવા. જોકે સુપ્રીમ કોર્ટે આપેલા માર્ગદર્શન સંદર્ભે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટ કર્યું છે કે, સુપ્રીમ કોર્ટના જણાવ્યા પ્રમાણે મહાનગરપાલિકામા કમિશનર,જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી જ્યારે નગરપાલિકામાં ચીફ ઓફિસર નવી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી કેરટેકર તરીકે ફરજ બજાવશે. આ કેરટેકર માત્ર રોજિંદા કામગીરી જ કરશે. કોઈ નીતિ વિષયક નિર્ણય નહીં લઈ શકે.

કાયદામાં અને બંધારણીય રીતે પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે જોગવાઈ છે કે પાંચ વર્ષની મુદત પૂર્ણ થાય પછી તેમની મુદતમાં વધારો નથી કરી શકાતો. સાથે જ ચૂંટણી કરવી ફરજીયાત છે. જોકે કોરોના ની પરિસ્થિતિ ને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ફેબ્રુઆરીના અંત સુધીમાં ચૂંટણી કરાવી પડશે. રાજ્યમાં છ મહાનગર પાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતો સહિત અનેક નગરપાલિકામાં પાંચ વર્ષની મુદત પૂર્ણ થવા આવી છે. આ મુદત પૂર્ણ થયા બાદ ચૂંટણી યોજવી ફરજીયાત છે. પરંતુ કોરોના સંકટને કારણે ચૂંટણી ત્રણ મહિના મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવે મુદ્દત પૂરી થયા બાદ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી, તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકામાં ચીફ ઓફિસર અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનરની વહીવટદાર તરીકે નિર્ણય કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજની ચૂંટણી કોરોના કાળમાં ત્રણ મહિના માટે સ્થગિત રાખવાન નિર્ણય કરવામાં આવ્યો હતો. આ મુદે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ પાસે માર્ગદર્શન માગ્યું હતું. સુપ્રીમ કોર્ટે પોતાના માર્ગદર્શનમાં જે તે જિલ્લા કે સ્થાનિક સંસ્થાના વડાને વહીવટદાર નિમવાનું કહ્યું હતું. તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી, જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી, નગરપાલિકામાં ચીફ ઓફિસર અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશનર સરકારી અધિકારી તરીકે ફરજ બજાવતા હોય છે. હવે ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂરી થયા બાદ જે તે સંસ્થાના વડા તરીકેની જવાબદારી આ અધિકારીઓની રહેશે. સાથે દરરોજની કામગીરીનું પણ સંચાલન કરશે.

## રાજ્યમાં ૧૦ લાખની વસતિએ સરેરાશ ૩૨૪૦ને કોરોના
# કોવિડ સંક્રમિત દર્દીઓમાં અમદાવાદ કરતાં સુરત આગળ નીકળ્યું



અમદાવાદ, અમદાવાદમાં છેલ્લા ૩ દિવસથી કોરોના વાઈરસ નિયંત્રણ હેઠળ આવ્યો છે અને કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. અત્યારસુધી ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૨.૨૦ લાખને પાર છે. આમ, આ સ્થિતિએ ગુજરાતમાં સરેરાશ ૧૦ લાખની વસતિએ સરેરાશ ૩૨૪૦ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે. ગુજરાતમાંથી ૧૦ લાખની વસતિએ સરેરાશ સૌથી વધુ ૯૦૭૮ વ્યક્તિને કોરોના થયો છે, જ્યારે અમદાવાદમાં ૨૯૫ દર્દીઓનાં મૃત્યુ થયાં છે. સમગ્ર દેશમાંથી સરેરાશ ૧૦ લાખની વસતિએ સૌથી ઓછી વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ હોય તેમાં ગુજરાત પાંચમા સ્થાને છે. બિહારમાંથી ૨૦૦૪, ઉત્તરપ્રદેશમાંથી ૨૪૭૩, મધ્યપ્રદેશમાંથી ૨૬૨૬, ઝારખંડમાંથી ૨૯૫૩, જ્યારે ગુજરાતમાંથી ૩૨૪૦ સરેરાશ વ્યકિત કોરોના સંક્રમિત થઈ ચૂકેલી છે.

ગુજરાતમાંથી સુરત જિલ્લામાં ૧૦ લાખની વસતિએ સરેરાશ ૯૦૭૮, અમદાવાદમાંથી ૭૨૬૦ જ્યારે વડોદરામાંથી ૫૮૬૩ વ્યક્તિને કોરોના થઈ ચૂક્યો છે. બીજી તરફ, આ પ્રમાણે ડાંગમાંથી સૌથી ઓછી ૬૦૮, છોટાઉદેપુરમાંથી ૭૫૨, જ્યારે વલસાડમાંથી ૭૬૭ વ્યક્તિને કોરોના થયો છે. ૧૦ લાખની વસતિએ સરેરાશ સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા જિલ્લાઓમાંથી ગાંધીનગર ૫૪૯ સાથે મોખરે, વડોદરા-રાજકોટ ૪૯૨ સાથે બીજા, અમદાવાદ ૪૨૮ સાથે ત્રીજા સ્થાને છે. ૧૦ લાખની વસતિએ સૌથી ઓછા એક્ટિવ કેસ ધરાવતા જિલ્લાઓમાંથી ૧૩ સાથે વલસાડ, ૧૯ સાથે તાપી અને ૨૦ સાથે બનાસકાંઠાનો સમાવેશ થાય છે.

સુરતમાંથી ૧૦ લાખની વસતિએ સરેરાશ સૌથી વધુ ૮૫૫૭ વ્યક્તિ કોરોનાથી સાજી થઈ ચૂકી છે, જ્યારે અમદાવાદમાંથી ૬૫૩૬-વડોદરામાં ૫૩૦૯નો સમાવેશ થાય છે. ૧૦ લાખની વસતિએ અમદાવાદમાંથી સૌથી વધુ સરેરાશ ૨૯૫, સુરતમાંથી ૧૮૩, ગાંધીનગરમાંથી ૭૪નાં મૃત્યુ થયાં છે. આ પ્રમાણે નર્મદામાંથી સૌથી ઓછા ૧, છોટાઉદેપુરમાંથી ૨, જ્યારે દાહોદમાંથી ૩નાં મૃત્યુ થયેલાં છે. અમદાવાદમાંથી ૧૦ લાખની વસતિએ સરેરાશ ૨.૯૦ લાખ ટેસ્ટ થઈ ચૂક્યા છે, જે સમગ્ર રાજ્યમાંથી સૌથી વધુ છે. આ પ્રમાણે પંચમહાલમાંથી સૌથી ઓછા ૫૦ હજાર, જૂનાગઢમાંથી ૫૫ હજારના ટેસ્ટ થયેલા છે.

# ફતેપુરા કોર્ટમાં કર્મચારીઓ દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ઉજવાયો



ફતેપુરા, ફતેપુરા કોર્ટમાં આજે તા.૯મી ડિસેમ્બર એટલે કે ભ્રષ્ટાચાર વિરોધ દિનની ઉજવણીના ભાગરૂપ ન્યાયધીશ, વકીલો તથા પક્ષકારો હાજર રહીને પરસ્પર લાંચ નહીં આપવાના શપથ લીધા હતા. આ ઉજવણીના મોટી સંખ્યામાં લોકો એ ભાગ લઈને ભ્રષ્ટાચાર વિરોધી દિવસની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી.

તા.૯મી ડિસેમ્બર એટલે વિશ્વમાં ભ્રષ્ટાચાર વિરોધ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે પરસ્પર લાંચ નહીં આપવી કે લેવાની તે પ્રકારના શપથ લેવામાં આવી રહ્યા છે. આ ભ્રષ્ટાચાર વિરોધી દિવસના ઉજવણીના ભાગરૂપ દાહોદ જીલ્લામાં આવેલ ફતેપુરા તાલુકાને કોર્ટમાં પણ ઉજવણીનો આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપ ન્યાયાધીશ, વકીલો તથા પક્ષકારો સ્ટાફે મોટી સંખ્યામાં હાજર રહીને પરસ્પર લાંચ નહીં લેવા તે અંગે શપથ લેવામાં આવ્યા હતા. ફતેપુરા કોર્ટમાં કર્મચારીઓ દ્વારા આ પ્રકારે અનોખી રીતે ૯મી ડિસેમ્બરને એક ભ્રષ્ટાચાર વિરોધી દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે જો આ પ્રકારે કોર્ટની જેમ અન્ય સરકારી કચેરીઓના અધિકારીઓ તથા કર્મચારીઓએ શપથ લેવામાં આવ્યા હોત તો સંભવત કોઈપણ પ્રકારની એસીબીની ટ્રેપ થઈ શકી ન હોત.

## દાહોદના સર્કિટ હાઉસ પાસે બાઈક ચાલકને અકસ્માતમાં ઈજા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ શહેરના સર્કિટ હાઉસ વિસ્તારમાં કાર અને મોટર સાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાયકલ સવારના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અકસ્માતના પગલે લોક્ટોળા જામ્યા હતા.

જાણવા મળ્યા અનુસાર દાહોદ શહેરના સર્કિટ હાઉસ વિસ્તારમાં આવેલ પોલીસ લાઈન રોડ પર આજે કાર અને મોટર સાયકલ પસાર થઈ રહી હતી. કાર ચાલક અને મોટર સાયકલ ચાલકે ગફલત રીતે હંકારીને પસાર થઈ રહ્યા હતા. દરમ્યાન કાર અને મોટર સાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાયકલ સવારને શરીરના ભાગે ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ અકસ્માતના પગલે જાહેર માર્ગ પર લોક્ટાળા જામ્યા હતા. અને ૧૦૮ વાનની મદદ લેવાઈ હતી. ૧૦૮ વાન દ્વારા ઘાયલ થયેલ મોટર સાયકલ સવારને સમયસર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જોંકે, સમયસર સારવાર મળતા ઘાયલ મોટર સાયકલ સવારની જાનને જોખમ ટળ્યું હતું અને સમયસર સારવાર મળતા તે હાલ સારવાર હેઠળ હોવાના કારણે પોતાની સુરક્ષીત જાન બક્ષ્યું હતું. દાહોદના સર્કિટ હાઉસ વિસ્તારમાં બનેલા અકસ્માતના બનાવને લઈને લોક્ટોળા જામ્યા હતા.

## વેક્સિન માટે તડામારા તૈયારી શરૂ : અમદાવાદમાં વેક્સિનના સંગ્રહ માટેના ફ્રિઝ આવ્યા

અમદાવાદ, કોરોનાની આવનાર વેક્સિને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. અમદાવાદમાં આવેલા રિઝનલ વેક્સિન કોલ સ્ટોરેજમાં ૨૦થી ૨૫ લાખ ડોઝ રાખી શકાય તેવી કેપેસિટી છે. અમદાવાદના રિઝનલ વેક્સિન કોલ સ્ટોરેજમાં વેક્સિન રાખવામાં આવે તેમજ વેક્સિન રાખવા માટેના ડીપ ફ્રીઝ પણ પીએચસી સેન્ટર પર પોંહચાડવામાં આવ્યા છે. તેમજ નવા ૫૦ આઈ.એલ.આર ફિઝ રીઝિયનલ સ્ટોર પર લાવવામાં આવ્યા છે.

અમદાવાદ રિઝનલ કોલ સ્ટોરેજમાંથી આણંદ, સુરેન્દ્રનગર, ખેડા અને અમદાવાદ ગ્રામ્યમાં સપ્લાય કરવામાં આવશે. અમદાવાદ ગ્રામ્યના પીએચસી પર વેક્સીન રાખવા માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ડીપ ફ્રીઝ પણ પીએચસીમાં પહોંચાડવામાં આવ્યા છે. ત્યારે પીએચસીની મુલાકાત અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી મહેશ અરુણ બાબુએ લીધી છે. તેમના દ્વારા આ અંગેની માહિતી મેળવી જરૂરી સૂચન આપવામાં આવ્યું છે.

અમદાવાદ ગ્રામ્યના ૨.૭૫ લાખ લોકોનું લિસ્ટ તૈયાર કરાયું છે. વેકસીન આવશે ત્યારે જે લીસ્ટ તૈયાર કરાયું છે. તે ૨.૭૫ લાખ લોકોને પહેલા રસી અપાશે. જેમાં ૭૫૦૦ હેલ્થકેર વર્કર્સની યાદી પણ તૈયાર કરી લેવાઈ છે.

તેમજ સરકારી અને ખાનગી હેલ્થકેર વર્કર્સનો યાદીમાં સમાવેશ કરાયો છે. ફ્ન્ટલાઈન વોરિયર્સનું લિસ્ટ પણ હાલ તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેમજ લોકોના સીધા સંપર્કમાં આવતા ફ્ન્ટલાઈન વોરિયર્સની યાદીમાં સમાવેશ કરાયો છે.

## અમદાવાદના બિલ્ડરની ૧૦૦૦ કરોડની મિલકતો ટાંચમાં લેવાઈ



અમદાવાદ, બેનામી પ્રોપર્ટી એક્ટ હેઠળ આવકવેરા ખાતાના અધિકારીઓએ અમદાવાદના પોપ્યુલર બિલ્ડર ગ્રૂપના રમણ અને દશરથ પટેલની રૂા. ૧૦૦૦ કરોડના મૂલ્યની જમીનને ટાંચમાં લીધી છે. અમદાવાદ શહેરની રૂા. ૬૦૦ કરોડની અને અમદાવાદ શહેરની બહારની રૂા. ૪૦૦ કરોડની જમીનને ટાંચ લગાડવામાં આવી છે. અમદાવાદ શહેરની ૪૯ મિલકતો અને સાણંદ, કલોલ, કેલિયાવાસણા, ગરોળિયાની મળીને કુલ ૬૩ મિલકતોને ટાંચમાં લેવામાં આવી છે. અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલી જમીન પણ ટાંચમં લેવાઈ છે. કુલ ૫.૯૨ લાખ ચોરસ મીટરથી વધુ જમીન ટોંચમાં લેવામાં આવી છે.

આ ગ્રૂપ પાસેથી અત્યાર સુધીમાં રૂા. ૩.૧૯ કરોડની અસ્ક્યામતો જપ્ત કરવામાં આવી છે. તેમાં ૯૧.૧૧ લાખની રોકડ અને ૨.૨૮ કરોડની જ્વેલરીનો સમાવેશ થાય છે. આવકવેરાના દરોડા પાડનારા વિભાગના સૂત્રોનું કહેવું છે કે પોપ્યુલર બિલ્ડર ગ્રૂપને ૨૩૪ કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. કારણ કે તેમણે તેમની કમાણીના પૈસા લગાવીને જુદી જુદી વ્યક્તિઓ, સહકારી મંડળીઓને નામે મળીને ૨૨ લાખ ચોરસ મીટર જમીનની ખરીદી કરી હતી. દસ વ્યક્તિને નામે પણ તેમણે મિલકતો ખરીદી હોવાનું આવકવેરા ખાતાની તપાસમાં બહાર આવ્યું છે. આ સાથે જ પોપ્યુલર બિલ્ડર ગ્રુપના ૧૦૦થી વધુ બૅંક એકાઉન્ટની તપાસ કરવામાં આવી છે. બીજાને નામે જમીન અને મકાન ખરીદીને કબજો પોતાને નામે તેઓ રાખતા હતા. ડમી માલિકને એક ટકાનું કમિશન આપતા હતા. સહકારી મંડળીઓની સ્થાપના કરીને તેમાં બેનામી વ્યક્તિઓને સભ્ય બનાવવામાં આવ્યા હતા. પોતાના પૈસા રોકીને તેમને નામે મિલકત ઊભી કરી હતી. તેમની સાથે એમઓયું કરીને જમીન મિલકતનો કબજો પોતાના હાથમાં જ રાખતા હતા. પોપ્યુલર બિલ્ડરના સોમેશ્વર કોમ્પ્લેક્સમાં આવેલા ફ્લેટમાંથી મોટી સંખ્યામાં આ પ્રકારના દસ્તાવેજો મળી આવ્યા હતા. તેમાં બેનામી મિલકત ધરાવનારા ૧૦ની ઓળખ પાકી કરી લેવામાં આવી છે. આ જ રીતે ૧૬ સહકારી સંસ્થાઓ અને બે કંપનીઓની પણ ઓળખ પાકી કરી લેવામાં આવી છે.

## રાજસ્થાન પંચાયત ચૂંટણી: ભાજપ સામે કોંગ્રેસ પરાસ્ત



જયપુર, રાજસ્થાનમાં થયેલી પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસનો વ્યૂહ સફળ થયો નથી એવી છાપ પ્રગટ થયેલાં પરિણામો જોતાં પડતી હતી. કુલ ૨૧ જિલ્લાની ચાર હજાર ત્રણસો એકોતેર બેઠકોની ચૂંટણી હતી. આ ચૂંટણીએ ઘણી મીથ તોડી હતી. સૌથી મોટી મીથ એ હતી કે રાજ્યમાં જે પક્ષની સરકાર હોય એ સદૈવ જીતે છે. આ વખતે એવું બન્યું નથી. પ્રગટ થયેલાં ૪,૦૫૧ પરિણામોમાં કોંગ્રેસે અત્યાર સુધીમાં માત્ર ૧,૭૧૮ બેઠકો મેળવી હતી જ્યારે ભાજપે ૧,૮૩૫ બેઠકો જીતી લીધી હતી. સદૈવ બનતું આવ્યું છે એમ રાજસ્થાન કોંગ્રેસના આંતરિક વિખવાદોએ અહીં પણ એની અસર દેખાડી હતી. અશોક ગેહલોત આત્મવિશ્વાસના એવા અતિરેકમાં રહ્યા કે બધી બેઠકો કોંગ્રેસ જીતી જશે. પરંતુ એવું બન્યું નથી. રાજ્ય ચૂંટણી પંચે આપેલી માહિતી મુજબ ૪૨૦ અપક્ષો અને ૫૬ બેઠકો અજિત સિંઘના રાષ્ટ્રીય લોક દળ (રાલોદ-આરએલપી) એ જીતી લીધી હતી. એજ પરિસ્થિતિ જિલ્લા પરિષદોમાં પણ સર્જાઈ હતી. ભાજપે ૨૬૬, કોંગ્રેસે ૨૦૪ અને રાલોદે પાંચ બેઠકો જીતી લીધી હતી. જિલ્લા પરિષદોના કુલ ૬૩૬ સભ્યોની ચૂંટણી કરવાની હતી. દરમિયાન, સિકર જિલ્લાના ફતેહપુર સદર પોલીસ સ્ટેશનની હદમાં વિજેતા જૂથે કાઢેલા વિજય સરઘસમાં હરીફ જૂથ સાથે થયેલી અથડામણમાં એક યુવકનું મોત નીપજ્યું હતું અને બીજા કેટલાકને ઈજા થઈ હતી. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના તમામ દિગ્ગજનોના વિસ્તારોમાં કોંગ્રેસ હારી ગઈ છે. હાલના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાના ચૂંટણી મત વિસ્તાર લક્ષ્મણગઢમાં પણ કોંગ્રેસ હારી. પૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટના ટોંક, સ્વાસ્થ્યમંત્રી રઘુ શર્માના વિસ્તાર અજમેર, ખેલમંત્રી અશોક ચાંદના વિસ્તાર બુંદી, સહકારિતા મંત્રી ઉદયલાલ આંજનાના વિસ્તાર ચિતૌડગઢમાં કોંગ્રેસ હારી છે. ૨૧ જિલ્લા પ્રમુખો માટેની ચૂંટણીમાં ૧૪ પર ભાજપ અને ૫ પર કોંગ્રેસને જીત મળી છે. જ્યારે એક પર ભારતીય ટ્રાયબલ પાર્ટીએ કબ્જો જમાવ્યો છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 92

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વન વિભાગ દ્વારા આદમખોર દિપડાને જબ્બે કરવામાં નિષ્ફળ

# ઘોઘંબામાં દિપડાનો હુમલો : બે માસૂમોના મોત બાદ વન વિભાગ સફાળુ જાગ્યુ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના કાંટાવેડા અને ગોયાસુંડલ ગામમાં આદમખોર દિપડાના હુમલામાં બે માસૂક બાળકોના મોત થવા પામ્યા છે. અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલાના બનાવોની જાણ થતાં જીલ્લા કલેકટર દ્વારા પણ ગામો અને પરિવારોની મુલાકાત લેવામાં આવી હતી. ઘોઘંબા પંથકમાં દિપડાના આતંકને દયાનમાં રાખીને ફોરેસ્ટ વિભાગ દ્વારા ઘટનાવાળા ગામો અને સ્થળો ઉપર દિપડાને ઝડપી પાડવા માટે પાંચ પાંજરા ગોઠવવામાં આવ્યા છે. અને આવા માનવભક્ષી દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગ દ્વારા કવાયત હાથ ધરી તેમ છતાં પહોંચ થી દુર જણાય છે.

ઘોઘંબા તાલુકાના અનેક ગામો જંગલ વિસ્તારને અડીને આવેલ છે. આવા અંતરીયાળ ગામોમાં હિંસક દિપડાના હુમલાના કિસ્સાઓ વધી રહ્યા છે. ગતરોજ ઘોઘંબા તાલુકાના કાંટાવેડા ગામના ૮ વર્ષીય બાળક સીમમાં બકરાં ચરાવવા ગયો હતો. ત્યારે આદમખોર દિપડા એ બાળક ઉપર હુમલો કરીને ફાડી ખાવાનો બનાવ બનવા પામ્યો હતો. જ્યારે એજ દિવસમાં ગોચાસુંડલ ગામ પાંચ વર્ષીય બાળક પોતાના ઘર આંગણામાં રમી રહ્યો હતો. દરમ્યાન દિપડા એ બાળક ઉપર પાછળથી હુમલો કરીને ગંભીર ઈજાઓ પહોંચાડતા પાંચ વર્ષીય બાળકનું મોત નિપજાવા પામ્યું હતું. ઘોઘંબા પંથકમાં એક જ દિવસમાં બે માસૂમ બાળકો દિપડાના હુમલામાં મોત થવા પામતા ગ્રામજનો ભયભીત બન્યા છે.

ઘોઘંબા તાલુકાના અંતરીયાળ ગામોમાં એક જ દિવસે આદમખોર દિપડાના હુમલાના બે બનાવોમાં માસૂમ બાળકોના મોત થવાની ઘટના સામે આવતાં પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા ઘટનાવાળા ગામોની મુલાકાત લેવામાં આવી હતી. ઘોઘંબા તાલુકામાં એક જ દિવસમાં બે અલગ અલગ ગામોમાં દિપડાના હુમલામાં બે માસૂમ બાળકોના મોત થવાની ઘટનાને જોતાં ફોરેસ્ટ વિભાગની ખાસ ટીમ દ્વારા આદમખોર દિપડાઓને ઝડપી પાડવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઘોઘંબાના કાંટાવેડા ગામ સીમમાં બાળક ઉપર દિપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. તે સ્થળે એક પાંજરું ગોઠવવામાં આવ્યું છે. જ્યારે ગોચાસુંડલ ગામે પાંચ વર્ષીય બાળક ઉપર દિપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો તે સ્થળે એક પાંજરુ મૂકી આદમખોર હિંસક દિપડાને ઝડપી પાડવા માટે ફોરેસ્ટ વિભાગ દ્વારા પાંચ પાંજરા ગોઠવવામાં આવ્યા છે.

### દિપડાની પ્રવેશબંધી માટે લોકોનું રાત્રી જાગરણ

ઘોઘંબા તાલુકાના અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલામાં બે માસૂમ બાળકોના મોતના પગલે ગ્રામ્ય વિસ્તારોના લોકો ભયભીત બન્યા છે. ગ્રામજનો દ્વારા દિપડાના હુમલાની બાળકો અને પશુઓને બચાવવા માટે પહેરો ભરવાનું શરૂ કર્યું છે. આવા વન વિભાગની નજીક આવેલા ગામોમાં રાતના સમયે માનવભક્ષી દિપડો ગામમાં પ્રવેશીને નાના બાળકો ઉપર હુમલો કરીને રામશરણ પહોંચાડી રહેતા લોકો પણ ભયભીત બન્યા છે અને આગામી સમયમાં દિપડો ગામમાં ન પ્રવેશે તે માટે રાત્રે જાગરણ કરાઈ રહ્યું છે.

### વન વિભાગની નજીક સરકારે વસવાટ માટે જમીન ફાળવી હતી

ઘોઘંબા તાલુકો એક આદિવાસી તાલુકો ગણવામાં આવી રહ્યો છે. વર્ષો પૂર્વે આવા વન વિભાગની નજીક ગામ વસાવવામાં આવ્યું હતું. આજે આઝાદીના ૭૦ વર્ષ થયા છે અને આવા ગામની આસપાસ આવેલા વન વિભાગમાં ખૂંખાર દિપડાનો વસવાટ થઈ રહ્યો છે. વર્ષો પૂર્વે ગામ વસાવવામાં આવીને આજે આબાદી વધી રહી છે. તેની સામે વન વિભાગની ખૂંખાર પ્રાણીઓની વસ્તી વધી રહી છે. અને વન વિભાગમાં રહેતા માનવભક્ષી દિપડા ખોરાકની શોધમાં છેક માનવ વસવાટ ધરાવતા ગામમાં પ્રવેશ કરીને નિર્દોષ બાળકોનો શિકાર કરે છે. જે તે સમયે આવી અસુરક્ષીત વિસ્તારોમાં માનવ વસવાટ કરવાના બદલે અન્ય જગ્યાએ જમીન ફાળવીને વસવાટ આપ્યો હોત તો માનવ સુરક્ષા મહેસુસ કરી રહ્યા હોત. વન વિભાગ દ્વારા અસુરક્ષીત ગણાતી જગ્યાની જાળવણી કરવાની સાથે માનવભક્ષી દિપડો ગામમાં ન પ્રવેશે તે માટે કાળજી રાખવાની હોય છે. પરંતુ આવા વનકર્મીઓ દ્વારા ફરજમાં ચૂક કરાઈ રહી છે.

- બાળકોના મોતના પગલે દિપડાને પાંજરે પુરવાની કવાયત તેજ કરી.
- ઘોઘંબા તાલુકામાં દિપડાના હુમલામાં બે બાળકોના મોત થતાં જીલ્લા કલેકટર ઘટના સ્થળની મુલાકાત લીધી.
- વન વિભાગ દ્વારા અલગ અલગ જગ્યાએ પાંચ પાંજરા ગોઠવ્યા.

### વનકર્મીઓની સુરક્ષામાં ચૂક : ફેન્સીંગ વાડમાં ગાબડાં પાડતા માનવભક્ષી દિપડા

વન વિભાગમાં ખૂંખાર દિપડાનું વસવાટ હોવાને લઈને વનકર્મીઓ દ્વારા રાત દિવસ પહેરો કરવામાં આવી રહ્યો છે. દિવસ હોય કે રાતના સમયે ખૂંખાર દિપડો કોઈ જીવનું મારણ ન કરે તે માટે વન વિભાગની સતત દેખરેખ રાખવામાં આવતી હોય છે અને માનવ કર્મીઓ દ્વારા આવા ખૂંખાર દિપડાની તેમજ હિંસક પ્રાણીઓની ગામમાં પ્રવેશ બંધી અટકાવવા માટે ચારે તરફ ફેન્સીંગ વાડ કરવાની હોય છે. અને સરકાર અવારનવાર ફેન્સીંગ વાડ બાંધવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ વન વિભાગ કર્મીઓ દ્વારા પૂરતી કાચી રાખવામાં નહીં આવીને આવા ફેન્સીંગ વાડમાં ગાબડું પાડીને માનવભક્ષી દિપડો ગામમાં પ્રવેશ કરીને આવા માસૂમ બાળકોનો ભોગ બનાવી રહ્યા છે. વન વિભાગમાં સુરક્ષામાં ગાબડું પાડવામાં આવીને પોતાની ફરજ ચૂકતા વન કર્મીઓ સામે ગ્રામજનો દ્વારા નારાજગીની લાગણી વ્યાપી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૪૪૩ થયો

- ૦૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૬.
- મૃત્યુ આંક - ૧૨૩.

ગોધરા

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૪૪૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૬, હાલોલ-૦૭, કાલોલ-૬ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

### શહેરા સરકારી દવાખાના સામે બાઈકને અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મોત

શહેરા,

શહેરા સરકારી દવાખાના પાસે રોડ ઉપરથી પસાર થતી બાઈકને અજાણ્યા વાહન ચાલકે અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા થી ગોધરા હાઈવે રોડ ઉપર આવેલ સરકારી દવાખાના સામેથી બાઈક નંબર જીજે.૧૭.બીએફ.૭૫૨૪ના ચાલક વિક્રમ રતનસિંહ પટેલીયા ઉ.વ.૨૨ પસાર થઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું મોત નિપજાવા પામ્યુ હતું. આ બાબતે શહેરા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

### ગુજરાતમાં કોરોના વેક્સિનની પૂર્વ તૈયારી: ૫૦થી ઉપરના વ્યક્તિઓનો ડેટા બેઝ બનાવાશે

અમદાવાદ,

કોરોના મહામારી વચ્ચે રાહતના સમાચાર એ છે કે, કોરોના વેક્સિન થોડા સમયમાં આવવાની શક્યતા વ્યકત કરાઈ છે. જેથી વેક્સિન આપવા માટે ગુજરાતનાં આરોગ્ય વિભાગે આપેલી સૂચના પ્રમાણે ૫૦થી વધુ ઉંમરની વ્યક્તિઓ અને ૫૦ વર્ષની નીચેની વ્યક્તિઓ કે જેઓ અન્ય રોગ ધરાવતા હોય તેમનો ડેટાબેઝ તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે. આ ડેટા બેઈઝ તૈયાર કરવા માટે ૧૦થી ૧૩ ડિસેમ્બરના રોજ મતદાન મથકના વિસ્તાર મુજબ વિવિધ સર્વે ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરી વ્યકિતની ઉંમરથી લઈ તેનો મોબાઈલ નંબર સહિત, તે જો કોઈ પ્રકારના રોગથી પીડાતો હોય તો એની પણ અલગથી નોંધ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

૧૪થી ૧૬ ડિસેમ્બર સુધીમાં બે અલગ પ્રકારના ડેટાબેઈઝ તૈયાર કરવા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેકટર હસ્તકના વિસ્તારો માટે

(અનુ.પાના.નં.૨)

### ગોધરા-વડોદરા હાઈવે રોડથી કાનોડ જવાના માર્ગની સાઈડો પહોળી કરવામાં હલ્કી કામગીરી



તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે થી કોનોડ જવાના માર્ગની સાઈડો પહોળી કરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. તેમાં મેટલની જગ્યા એ રેતી અને કાંકરા નાખી ભષ્ટ્રાચાર આચરવામાં આવી રહ્યો છે.

ગોધરા-વડોદરા હાઈવે રોડ થી કાનોડ જવાના માર્ગની સાઈડો પહોળી કરવા માટેની કામગીરી હાથ ધરાઈ રહી છે. કાનોડ તરફ જતા રોડ સાઈડો પહોળી કરવા માટેની કામગીરી હાથ ધરાઈ છે. કાનોડ તરફ જતાં રોડ સાઈડો પહોળી કરવા માટે કોન્ટ્રાકટર દ્વારા મેટલની જગ્યાએ રેતી અને કાંકરા નાખીને સાઈડો પહોળી કરવાની કામગીરી કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યા છે. રોડની સાઈડો પહોળી કરવાની કામગીરીમાં કરવામાં આવતી ગેરરીતિની તપાસ કરી કાર્યવાહી કરવામાં આવી રહી નથી. ત્યારે શું તંત્ર દ્વારા કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતી મનમાની ચલાવવામાં આવશે ?

## હાલોલ અરાદ રોડ પર વીજ થાંભલા ઉપર મરામત કરતફા વીજ કર્મી નીચે પટકાતા મોત

હાલોલ,

કાલોલ તાલુકાના રીંછીયા ગામે રહેતા સુરેશ બળવંતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૨)મધ્ય ગુજરાત વીજ કંપનીના આસિસ્ટન્ટ લાઈનમેન શંકરસિંહ ચંદ્રસિંહ બારીયા સાથે કામદારો કમલેશ અર્જુનસિંહ ચૌહાણ અને જગદિશ નવલસિંહ રાઠોડ સાથે મળી હાલોલના અરાદ રોડ ખાતે આવેલ મધ્ય ગુજરાત વીજ કંપનીના વીજ થાંભલાની વીજ લાઈનની સાફસફાઈ અને મરામતની કામગીરી કરવા માટે આવેલ હતા. જેમાં થાંભલાની ઉપર વેલાઓ લાગેલા હોવાથી સુરેશ વીજપોલ ઉપર ચડી વેલાઓને હટાવવાની કામગીરી કરી સાફ-સફાઈ કરી રહ્યો હતો દરમિયાન અચાનક તે થાંભલા પરથી નીચે પટકાતા તેની સાથે કામ કરતા કામદારો અને આસિસ્ટન્ટ લાઈનમેન દોડી આવ્યા હતા. જેમાં વીજપોલ પરથી જોરદાર રીતે જમીન પર પટકાયેલા સુરેશના મોઢામાંથી લોહિ નીકળતા તેને તાત્કાલિક એમજીવીસીએલની ગાડીમાં નાંખી હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના ડોકટરે સુરેશને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં સુરેશના પરિવારજનો સહિત ગામલોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. જયાં એમજીવીસીએલના કોઈ અધિકારી કે કર્મચારી ન આવતા હાજર લોકોમાં રોષ જોવા મળ્યો હતો. જયારે રેફરલ ખાતે મૃતદેહનુ પોસ્ટમોર્ટમ કરી તેના પરિવારજનોને સોંપવામાં આવતા પરિવારજનોએ મૃતદેહને ન સ્વિકારતા મૃતદેહને સબવાહિનમાંથી ઉતારી પોસ્ટમોર્ટમ રૂમમાં પોલીસને પરત મુકવાની ફરજ પડી હતી.


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

ગોધરા વડોદરા હાઈવે પર આવેલ બેઢિયા ગામ પાસે ફૂલ સ્પીડમાં વડોદરા તરફ જતી એક્સ યુવી ગાડી નં.GJ26 N 9115 ના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા રોડ વચ્ચેનો ડિવાઈડર કુદીને રોંગ સાઈડ રોડની સાઈડમાં ઊંડી ખાયમા ખાબકી હતી. જેથી આજુબાજુના લોકો દોડી જઈને તેમાં સવાર ત્રણ ઈસમો ને બહાર કાઢીને સામાન્ય ઈજા થતા ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખસેડયા હતા. સદ્દનસીબે મોટી જાનહાની ટળી હતી.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા આવેલા કોમનસર્વિસ સેન્ટર ખાતે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (RPL) સ્કીલ ઈન્ડીયા પ્રોગામ અંર્તગત તાલીમ યોજાઈ હતી. બે દીવસ ચાલેલી આ તાલીમમાં ખ ૨૫ જેટલા ઉમેદવારો જોડાયા હતા. ત્યારબાદ એસસમેન્ટ પરીક્ષા લેવામા આવી હતી.કોરોનાની ગાઈડલાઈનનુ પાલન કરવામા આવ્યુ હતું.

### શહેરા બસ સ્ટેશન સામે સોશ્યલ ડીસ્ટન્સના જાળવી મુસાફરો ભરેલ છકડા ચાલકો વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ

શહેરા,

શહેરા બસ સ્ટેશન સામે ઉભેલા છકડામાં કોરોનાકાળમાં સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાય તે રીતે મુસાફરો ભરેલ હોય તેવા બે છકડા વાહનો ઝડપી પાડવામાં આવ્યા અને જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા બસ સ્ટેશનની સામે આસપાસના ગામોમાં મુસાફરો ભરીને વાહન કરતા હોય તેવા વાહનોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું ન હોય તેવા વાહનો સામે શહેરા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ કાર્યવાહી દરમ્યાન છકડા રીક્ષા નં.જીજે.૧૭.ટીટી.૨૭૮૮માં સોશ્યલ ડીસ્ટન્સ નહી જાળવી ૧૦ મુસાફરો ભરેલ હોય તેવા છકડા રીક્ષા તેમજ છકડા રીક્ષા નં. જીજે.૧૭.ટીટી.૨૪૭૨માં સોશ્યલ ડીસ્ટન્સ નહિ જાળવી ૧૦ મુસાફરો ભરેલ હોય તેવા બે પેસેન્જર છકડા ચાલકો વિરૂદ્ધ કોવિડ-૧૯માં જીલ્લા મેજીસ્ટેટના જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.